મહત્તમ : ૪૩.૮ ડીગ્રી
લઘુતમ : ૩૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૬ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ‘‘વાયુ’’ વાવાઝોડા સામે સતર્કતા

ગાંધીનગર હેમ રેડિયો ટીમ વાવાઝોડા સામે મદદ અર્થે તૈયાર

હેમ રેડિયો વાતાવરણથી ચાલતુ ઉપકરણ છે : શહેરમાંથી વેરાવળ, પોરબંદર, અમરેલીમાં મદદ અર્થ હેમ રેડિયો ટીમ પહોંચી

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત પર વાવાઝોડાનું સંકટ આવી પડયું છે ત્યારે ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છના સંભવિત વિસ્તારોને એલર્ટ કરી દેવાયા છે. સરકાર દ્વારા કોઈને નુકસાન ન પહોંચે તેની તકેદારી માટેના પ્રયત્નો શરુ થઈ ગયા છે ત્યારે ગાંધીનગર પણ જરુરિયાત પડે મદદ અર્થે સજ્જ છે. જયારે આવી કોઈ કુદરતી આફત આવી પડે અને માહિતી સંચારનું કોઈ માધ્યમ ન રહે ત્યારે હેમ રેડિયો દ્વારા કમ્યુનિકેશન થઈ શકે છે અને મદદ માંગી શકાય છે.

ગુજરાતમાં હેમ રેડિયોનું સંચાલન ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ એમેચ્યર રેડીયો દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમાં ગાંધીનગરના કુલ ૫૦ જેટલા નાગરિકોએ હેમ રેડિયો અંગેની ટ્રેનિંગ લીધેલી છે. હાલ ચાલતા વાવોઝાડાની સમસ્યાને પગલે ગાંધીનગર સંસ્થા દ્વારા રાજકોટ માટે ઈમરજન્સી કીટ તૈયાર છે અને અમરેલી તથા વેરાવળ તથા પોરબંદર માટે સ્ટેન્ડબાય ટીમને ગાંધીનગરથી મદદ અર્થે મોકલવામાં આવી છે. હેમ રેડિયોની મદદથી માહિતી સંચાર કરી મદદ માંગી શકાય અને પરિસ્થિતિ અંગેની જાણ કરી શકાય છે.

કુદરતી હોનારતથી બચવા જયારે બધા જ સંપર્ક સાધનો નિષ્ફળ થાય મોબાઈલ પણ જયારે રમકડા બની જાય તે વખતે હેમ રેડિયોની મદદથી તમામ પરિસ્થિતિને થાળે પાડી શકાય છે. હેમ રેડિયો એ ટુ વે કમ્યુનિકેશન કરી શકે છે જેની રેન્જ વધુ છે. કોઈ પણ ટાવર વગર હેમ રેડિયો વાતાવરણના માધ્યમથી ચાલે છે. માસ કોડની મદદથી હેમરેડિયો ધરાવતા ઓપરેટર બીજી જગ્યાએ હેમ રેડિયો પર વાત કરી શકે છે. એચએફ અને વીએચએફ બેન્ડ રેડિયોના તરંગો છે. વીએચએફ દ્વારા શોર્ટ રેન્જ લગભગ ૮૦ થી ૧૦૦ કિમી જેટલા અંતરે કમ્યુનિકેશન થઈ શકે છે અને એચએફ દ્વારા દુનિયાના કોઈ પણ છેડે કમ્યુનિકેશન થઈ શકે છે. એચએફ દ્વારા છેક અવકાશમાં પણ હેમ રેડિયોના એચએફ તરંગો દ્વારા સંપર્ક સાધી શકાય છે.

ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ માન્ય એનજીઓ ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ અમેચ્યોર રેડિયોના ચેરમેન હાલ ડૉ. એચ.કે. નંદા છે જયાં ગુજરાતના ૫૦૦ જેટલા નાગરિકો અને ગાંધીનગરના ૫૦ જેટલા શહેરીજનોએ હેમરેડિયો અંગેની ટ્રેનિંગ લીધેલી છે. ગાંધીનગરની આ સંસ્થાના જનરલ સેક્રેટરી જગદીશ પંડયા અને સેક્રેટરી પ્રવીણ વાલેરા છે. સંસ્થા પાસે ૧૦ ઈમરજન્સી કીટ છે જેમાં વાયરલેસ સાધનો, બેટરી, તંબુ, પ્રાથમિક સારવાર પેટી જેવી જરુરી વસ્તુઓનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૧ ગુજરાત ધરતીકંપ, સુરત પુર, આંદમાન નિકોબાર સુનામી, નેપાળ ધરતી કંપ દરમિયાન ગાંધીનગર હેમ રેડિયો ટીમ દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.

ગાંધીનગર સિવિલમાં ડીઝાસ્ટર વોર્ડ ઉભો કરાયો

ગુજરાતના દરીયાકાંઠે ત્રાટકનાર વાયુ વાવાઝોડાને પગલે ગાંધીનગર સિવિલ તંત્ર દ્વારા સતર્કતાના પગલા લેવામાં આવ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ડિઝાસ્ટર વોર્ડ તૈયાર કરાયો છે. તે ઉપરાંત ડોકટર્સની ટીમ, જરુરી દવાઓ અને તમામ વાહનો હાજર રાખવામાં આવશે.

●●●●●●

ગાંધીનગર એસટી ડેપો દ્વારા ત્રણ દિવસ સુધી ત્રણ બસો રદ કરાઈ

ગાંધીનગર શહેરથી દરરોજ રાત્રીના સોમનાથ, દ્વારકા અને દીવની બસ ઉપડે છે. ત્યારે વાયુ વાવાઝોડાને પગલે એસટી તંત્ર દ્વારા ત્રણ દિવસ સુધી ત્રણેય બસના રૂટ કેન્સલ કરી દીધા છે.

ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ અમેચ્યોર રેડિયો સંસ્થા ગાંધીનગર દ્વારા વાયુ વાવોઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા જામનગર, પોરબંદર, વેરાવળ અને રાજકોટ ખાતે હેમરેડિયો સ્ટેશન ઉભા કરવામાં આવ્યા છે. દરેક સ્ટેશનમાં ૩ થી ૪ હેમ રડિયો ઓપરેટર સતત ફરજ બજાવી રહ્યા છે. સ્ટેશનો દ્વારા અંતરિયાળ ગામોની સતત બદલાતી રહેતી પરિસ્થિતિથી સ્થાનિક સત્તાવાળાઓ તથા જિલ્લા કલેકટરને વાકેફ કરવામાં આવી રહ્યા છે. આ રેડિયો સ્ટેશન સાથે ગાંધીનગરના હેમ રેડિયો ઓપરેટર સતત સંપર્કમાં છે. શહેર ખાતેથી આ પ્રવૃત્તિનું સંચાલન પ્રવીણ વાલેરા અને કૌશલ જાની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં ‘‘વાયુ’’ વિનાશકારી વાવાઝોડું ત્રાટકવાનો ખતરો તોળાઈ રહ્યો છે. જેને પગલે સાવચેતની તમામ પગલા લેવાઈ રહ્યા છે. કોઈ પણ પ્રકારના નુકશાનને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ છે. વાયુ વાવાઝોડાને પગલે સમગ્ર રાજયનું વહીવટી તંત્ર સાબદુ બનીને બેઠુ છે. ત્યારે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રએ પણ સતર્કતના પગલા લીધા છે. તમામ વિભાગને સજ્જ અને સચેત રહેવા જણાવ્યું છે. વાવાઝોડાને પગલે તમામ અધિકારીઓ ખડેપગે હાજર રહીને પળેપળની માહિતી મેળવી રહ્યા છે. ગાંધીનગર સિવિલ તંત્રને સ્ટેન્ડ ટુ ના આદેશ આપી દીધા છે. ત્યારે તંત્રના આદેશથી સલામતીના ભાગરુપે શહેરના ઘ અને ચ માર્ગ પરથી ૩૨ થી વધુ તોંતિગ હોર્ડીંગ દુર કરાયા છે.

ગુજરાત તરફ ‘‘વાયુ’’ વાવાઝોડુ ધીમેધીમે આગળ વધી રહ્યું છે. ગુરુવારના રોજ બપોર સુધી વેરાવળના દરીયા કિનારે આવી પહોંચે તેવી શક્યતાઓ છે. વેરાવળ અને દીવના દરીયાકાંઠે વાવાઝોડું પુરી તાકાતથી ત્રાટકે તેવી શક્યતાઓ છે. વાયુ વાવાઝોડાને પગલે રાજયના વાતાવરણમાં પલટો આવ્યો છે. સૌરાષ્ટ્રમાં કેટલાક ઠેકાણે સવારે વરસાદ પડ્યો હતો. જયારે વાવાઝોડાને પગલે તંત્ર સાબદુ કરાયું છે, તમામ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ છે. સામાજીક સંસ્થાઓ દ્વારા ફુડ પેકેટ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. તમામ જિલ્લા વહીવટી તંત્રને સજ્જ રહેવાના આદેશ આપી દેવામાં આવ્યા છે.ત્યારે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રએ પણ સતર્કતાના પગલા ભર્યા છે. શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર થી ૩૨ થી વધુ મોટા મોટા તોંતિગ હોર્ડીંગ દુર કરવામાં આવ્યા છે. બુધવારની બપોર થી તંત્રના કર્મચારીઓ કામે લાગી જતા વાવાઝોડા સમયે નીચે પડે તો કોઈને વાગે અથવા નકુશાન પહોંચાડે તેવા તમામ હોર્ડીંગ દુર કરાયા છે. તમામ વિભાગના અધિકારી-કર્મચારીઓને સ્ટેન્ડ ટુ રહેવા આદેશ કરાયા છે. ત્યારે શહેરી તંત્રને પણ વાયુ વાવાઝોડાને પગલે સાવચેત કરાયું છે.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માટે બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓની સાયન્સ સીટીની મુલાકાત

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન(બીબીએ)ના વિદ્યાર્થીઓ માટે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે સાયન્સ સિટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૧૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આજના કાર્યક્રમમાં પર્યાવરણની સમતુલામાં સમાજ ની કેટલી મહત્વપૂર્ણ ભૂમિકા છે તે વિદ્યાર્થીઓ સમજયા હતા. સાયન્સ સીટી અમદાવાદના એક્ઝીકયુટીવ ડાયરેક્ટર એસ.ડી. વોરાએ કાર્યક્રમ બાબતે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપી હતી. આજના કાર્યક્રમમાં ડૉ.રમાકાન્ત પ્રસ્ટી આચાર્ય બી.બી.એ કોલેજ, ગાંધીનગર તેમજ ડો.રાગીન શાહ, આચાર્ય અરીહંત ફાર્મસી કોલેજ વિશેષ

ઉપસ્થિત રહ્યા હતા. હવા પ્રદુષણ તેમજ વાયુ પ્રદુષણથી ઉપસ્થિત થયેલી ગંભીર પરિસ્થિતિથી વિદ્યાર્થીઓને વાકેફ કરવામાં આવ્યા હતા તેમજ ભવિષ્યમાં પ્રદુષણમાં ઘટાડો થાય તે બાબતે માર્ગદર્શન આપ્યુ હતુ. બીબીએના વિદ્યાર્થીઓ મેનેજમેન્ટના અભ્યાસની સાથે સાથે સમાજમાં જઈ ને લોકો ને પણ જાગૃત કરશે તેમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમ બાબતે ગુજકોસ્ટનાં એડવાઈઝર તેમજ સાયન્સ સિટીનાં સિનિયર સાયન્ટિસ્ટ ડૉ.નરોત્તમ સાહુનો સહકાર સાંપડ્યો હતો. વિદ્યાર્થીઓએ હૉલ ઓફ સાયન્સ હૉલ ઓફ સ્પેસ ની મુલાકાત કરી અદભૂત અનુભવ મેળવ્યો હતો. સાથે સાથે વિશ્વ પર્યાવરણ દિવસ નીમીત્તે વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કાર્ય પણ કર્યુ હતુ. જેનાથી યુવા વિદ્યાર્થીઓએ સમાજ ને ઉપયોગી સંદેશ આપ્યો હતો.

કૉલેજ તરફથી મુલાકાતને સફળ બનાવવા આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ ડૉ. નીરવ જૉશી, પ્રો.પ્રજ્ઞેશ નવલખા પ્રો. જાનકી દવે તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવામાં આવી હતી.

શહેરમાં ‘વાયુ’ વાવાઝોડું ‘ટૉક ઓફ ધ ટાઉન’ બન્યું...!!

અત્ર-તત્ર-સર્વત્ર ‘વાયુ’ની જ ચર્ચા : ‘વાયુ’ એ ભારે ઉત્સુકતા જગાવી : સોશ્યલ મિડીયા પર સાવચેતીના મેસેજીસ સાથે ‘જોકસ’ની પણ ભરમાર

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત પર તોળાઈ રહેલા વિનાશકારી વાવાઝોડા ‘વાયુ’નો ખતરો તોળાઈ રહ્યો છે અને રાજય સરકાર સહિત કેન્દ્ર સરકાર પણ ‘વાયુ’ તીવ્રતાથી શકય હોય તેટલું ઓછું નુકશાન થાય અને કોઈ મોટી જાનહાનિ કે માલ મિલ્કતનું નુકશાન ના થાય તેની ફિકરમાં વ્યસ્ત બની છે. બીજી તરફ શહેરમાં નાગરિકો પણ ‘વાયુ’ના આગમનને અનુલક્ષીને ચિંતિત બન્યા છે અને સરકારી કચેરીઓથી માંડીને શાળાઓ, બેંકો, ખાનગી કચેરીઓ, દુકાનો, ઓફિસો, શો રૂમ્સ ઉપરાંત ચાની કિટલીઓ, પાનના ગલ્લે, નાસ્તાની લારીઓ દરેક જગ્યાએ ‘વાયુ’નું મંડાણ સાંભળવા મળી રહ્યું છે.

‘વાયુ’ વાવાઝોડું શહેરમાં ‘ટૉક ઓફ ધ ટાઉન’ બન્યું છે અને તેની અસર કેવી રહેશે, દરિયાકાંઠાના વિસ્તારોમાં કેટલું નુકશાન થશે, કેટલા મીટર ઊંચા મોજા દરિયામાં ઉછળશે, ખેતીને કેટલું નુકશાન કરશે તેવી જ ચર્ચાઓ કરતા નાગરિકો જોવા મળી રહ્યા છે, વળી, ‘વાયુ’ના પગલે વહીવટી તંત્ર દ્વારા કેવી તૈયારીઓ કરાઈ રહી છે, કયા જિલ્લાને વધુ નુકશાન થવાની સંભાવના છે, એનડીઆરએફ, આર્મી-નેવી-એરફોર્સ શું કરશે, અહીંયા શાળાઓ ચાલુ રાખવી જોઈએ કે રજા જાહેર કરવી જેવી બાબતો અંગે પણ શહેરીજનો એકબીજાને પુછી રહ્યા છે. જો કે આટલી ગંભીર બાબત સાથે સોશ્યલ મિડીયા પર ‘વાયુ’ના આક્રમણથી બચવા સાવચેતીના પગલાં અંગેના મેસેજીસ તો વાઈરલ થઈ જ રહ્યા છે તે સાથે સાથે આ સ્થિતિમાં હળવા રમૂજી મેસેજીસ પણ વાઈરલ થઈ રહ્યા છે. આમ કોઈ પણ પરિસ્થિતિમાં નેટીઝન્સ અવનવા ચબરાકિયાની મોજ માણવાનું ચુકતા નથી તે જણાઈ આવે છે. છેલ્લા બે દિવસમાં વાઈરલ થયેલા આવા જ કેટલાક નટખટ ચબરાકિયાનું એક હળવું ઝાપટું અત્રે પ્રસ્તુત છે.

● કીધું હતું ને કે વેકેશન ખુલશે એટલે ‘વાવાઝોડું’ આવશે...!!

● વાવાઝોડું ‘લાઈવ’ જોવા માટે તમારી પત્નિને વિડીયો કૉલ કરો..!!

● કેલેન્ડરમાં ભીમ અગિયારસની રજા જાહેર ના થતાં ભીમ ગુસ્સે.. વાવાઝોડા સ્વરૂપે રજા જાહેર કરાવી.

● ગુજરાતની જનતાને મુખ્યમંત્રીની અપીલ ૧૨મી તારીખે સાંજે ૬ વાગે બધાએ સાથે મળીને વાવાઝોડા સામે જોરથી ફુંક મારવી એટલે વાવાઝોડું પાકિતાનમાં જતું રહે...

ફુંકેગા ગુજરાત... ઉડેગા પાકિસ્તાન

● હું શું કરું છું.. આપણે આ શેઠ બ્રધર્સ વાળાને કહીને દરિયામાં ૨૫૦-૩૦૦ કિલો ‘કાયમ ચૂર્ણ’ નાંખી દઈએ તો ‘વાયુ’ ઓછો તો થઈ જાય?

● દીવથી પેગ મારીને સૌરાષ્ટ્રમાં આવે છે વાયુ, કઈ બ્રાન્ડનો પીધો એના પર તીવ્રતાનો આધાર રહેશે... જો દેશી પીધો હશે તો ઘમરોળી નાંખશે.

● વાંઢા જ વાવાઝોડાથી ડરે, પરણેલા સાથે લઈને ફરે.

● ‘વાયુ’ નામના વાવાઝોડાની બીક નથી સાહેબ પણ.. આ ‘બાયુ’ નામનું વાવાઝોડું બહુ હેરાન કરે...

● ગુજરાતી ન્યુઝ ચેનલોના ત્રાસના કારણે વાવાઝોડું પાછું વળી જાય તેવી પુરેપુરી શકયતા...!!

ગાંધીનગરને હરિયાળુ નગર બનાવવા માટે ગ્રીન ગાંધીનગર આર્મીની રચના કરાશે

ગાંધીનગર જિલ્લા કક્ષાનો ૭૦મો વન મહોત્સવ માણસા ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૧૨

સમગ્ર વિશ્વમાં રાજયના પાટનગર ગાંધીનગરની ઓળખ એક હરિયાળા પાટનગર તરીકે હતી. આ ઓળખને હવે, પુનઃપ્રસ્થાપિત કરવાની દિશામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાટનગરને હરિયાળું બનાવવા માટે વૃક્ષો વાવવાની દિશામાં એક અભિયાન શરૂ કરવામાં આવશે. આ અભિયાન સાચા અર્થમાં નગજનોનું જન અભિયાન બની જાય તે માટે ગ્રીન ગાંધીનગર આર્મીની રચના કરવામાં આવશે, તેવું આજ રોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ ૭૦મા વન મહોત્સવની ઉજવણીના આયોજન માટે મળેલી બેઠકમાં જણાવ્યું હતું.

પરિણામ વગરનું કોઈ પણ કાર્ય અર્થહિન છે, તેવું કહી જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરને હરિયાળા નગરની ઓળખ પુનઃપ્રસ્થાપિત કરવાની દિશામાં શરૂ થનાર આ અભિયાનનું પરિણામ ન મળે ત્યાં સુધી સઘન ચાલુ રાખવામાં આવશે. આ અભિયાનને જન આંદોલન બનાવવા માટે રચના થનાર ગ્રીન ગાંધીનગર આર્મીમાં નગરની તમામ સામાજિક, ધાર્મિક અને અન્ય સંસ્થાઓ, મંડળો અને વ્યક્તિઓ પણ જોડાઈ શકશે. આ અભિયાનમાં રોપાઓનું માત્ર વાવેતર ન થાય, પણ તેની બે થી ત્રણ વર્ષ સુધી માવજત કરીને ઉછેર થાય તેવું નક્કર આયોજન કરવામાં આવશે.

ગ્રીન ગાંધીનગર આર્મીમાં સહભાગી થવા નગરની વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓ પોતાની નોંધણી અને કેવી રીતે ગ્રીન ગાંધીનગર બનાવવા માંગી રહ્યા છે, તેવા વિચારો સાથે તેમના નામની નોંધણી ઈમેલ આઈડી. **dcfgnr001@gmail.com** અથવા **racgandhinagar@gmail.com** પર ઈમેલ કરી શકશે.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ૭૦મા વન મહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી માણસા ખાતે કરવામાં આવશે. તેમજ ૧૯ લાખથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલ, નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, નાયબ વનસંરક્ષક શ્રી એસ.એમ.ડામોર સહિત વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કૃષિ ભવનના કર્મચારીઓને ફાયરની તાલિમ અપાઈ

ગાંધીનગર શહેરમાં આવેલી કૃષિ ભવનના કર્મચારીઓને ફાયર બિગ્રેડની ટીમ દ્વારા ફાયરની તાલિમ આપવામાં આવી હતી. જેમાં આગ લાગી હોય ત્યારે શુ કરવું, તેમજ કયા પ્રકારની આગમાં કઈ ચીજવસ્તુનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવવો તે ઉપરાતં ફાયરના સાધનનો કેવી રીતે ઉપયોગ કરવો તે સહિતની સવિસ્તાર માહિતી કર્મચારીઓને પુરી પાડી હતી.

એરફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસીએશને સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૨

એરફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસિએશન (ક્ષેત્રિય) સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડનાં પ્રમુખ શ્રીમતી બલજીત અરોરાએ તેમની સંગિનીઓની ટીમ સાથે ગાંધીનગરમાં સેક્ટર-૧૯માં સ્થિત ‘સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ’ની મુલાકાત લીધી હતી. આ શાળામાં ૩૫ સ્પેશિયલ ચિલ્ડ્રન છે, તેમની સારસંભાળ તથા તેમને બોર્ડિંગ અને લોજિંગની સુવિધાઓ આપવામાં આવે છે.

શ્રીમતી બલજીત અરોરા, સંગિનીઓ અને સમાજનાં ઉત્થાન માટે કામ કરવા ઉત્સુક છે. વર્ષોથી દેશભરમાં ભારતીય વાયુ દળની સમાજ કલ્યાણ માટે રચાયેલી સંસ્થા એર ફોર્સ વાઈવ્સ વેલ્ફેર

એસોસિએશન સંગિનીઓ અને એમનાં પરિવારજનોની સાથે સમાજનાં નબળા વર્ગોનાં કલ્યાણ માટે પણ અવિરતપણે કામ કરે છે.

શ્રીમતી અરોરાએ અન્ય સંગિનીઓ સાથે બાળકો સાથે વાત કરી હતી, આ બાળકો માટે સુવિધાઓ વધારવા માટે શાળાને રમતગમતનાં સાધનો ભેટમાં આપ્યાં હતા તથા તેમની વચ્ચે મીઠાઈઓ અને સ્વાદિષ્ટ વ્યંજનો વહેંચ્યાં હતા.

તેમણે શાળાનાં કર્મચારીઓ અને સ્વયંસેવકોની પ્રશંસા કરી હતી, જેઓ જરૂરિયાતમંદ બાળકોનું પોષણ કરવાનાં ઉદાત્ત કાર્યને ખંતપૂર્વક અદા કરી રહ્યાં છે. તેમણે શાળાનાં વહિવટીતંત્રને ભવિષ્યમાં આ બાળકોનાં ઉત્થાન માટે શક્ય તમામ સાથ સહકારની ખાતરી આપી હતી. શાળામાંથી રવાના થતા અગાઉ તેમણે શાળાનાં રહેવાસીઓને તેમનાં ભવિષ્યનાં પ્રયાસો માટે શુભેચ્છા આપી હતી અને તેમને સમાજ પ્રત્યે તેમની નિઃસ્વાર્થ સેવા જાળવી રાખવાની અપીલ કરી હતી.

કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા મહિલાઓ માટે સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૨

કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા તા. ૧૪ જુનના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૦૦ વાગ્યા દરમિયાન મહિલાઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હાર્ટ સર્જરી અને ઘુંટણના ઓપરેશન પહેલા અને પછી લેવાની કાળજીઓ અંગે ઝાયડસ હોસપિટલના ડોકટર્સની ટીમ દ્વારા માહિતગાર કરવામાં આવશે. સેમિનાર હોટલ બ્લ્યુમુન શ્રીરંગ કોમ્પ્લેક્ષ રાંદેસણ ખાતે નિઃશુલ્ક યોજાનાર છે. ભાગ લેવા ઈચ્છુકે આજે સાંજે ૫ વાગ્યા સુધી હર્ષાબા ધાંધલ ૮૪૦૧૯૦૨૩૩૫ તથા વૈશાલી જોષી ૯૯૨૫૨૩૪૯૮૫નો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. શર્મા હંસાબેન ભરતભાઈ, ઉ.વ. ૬૬
- સ્વ. વાઘેલા નવુબા રણછોડજી, ઉ.વ. ૯૦
- સ્વ. સુથાર અશ્વિનભાઈ મફતલાલ, ઉ.વ. ૬૪
- સ્વ. ઠાકોર પ્રહલાદજી કાળુજી, ઉ.વ. ૬૬
- સ્વ. પટેલ શંકરભાઈ વિસાભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. ત્રિવેદી ઉષાબેન નવીનચંદ્ર, ઉ.વ. ૬૧